# આકાશવાણી, ભુજ

## સમાચાર વાચક : નેહલ ઠકકર

## કોમ્પ્યુટરાઈઝડ : આશિષ શાહ

**તા. ૩૧–૦૭–૨૦૨૪** **સમય : સાંજે ૬.૨૫**

---

## મુખ્યમંત્રી : સખી સંવાદ :

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ ક્ષેત્રોના સ્વ-સહાય જૂથ , સેલ્ફ હેલ્પ ગ્રુપની નારીશક્તિ સાથે આજે "સખી સંવાદ" યોજ્યો હતો.. ગાંધીનગરના મહાત્મા મંદિર માં આયોજિત આ કાર્યક્રમમાં ગ્રામીણ બહેનોના સામાજિક ઉત્થાનથી તેમનું જીવન ધોરણ ઊંચું લાવવાના પ્રયાસના ભાગરૂપે આ કાર્યક્રમ યોજાયો હતો

રાજ્યભરના ૨૮ હજારથી વધુ સ્વ-સહાય જૂથની સભ્ય એવી ગ્રામીણ નારીશક્તિને કુલ ૩૫૦ કરોડ રૂપિયાના લાભ વિતરણ કરાયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ ગ્રામીણ નારીશક્તિ સાથે સીધો સંવાદ સાધ્યો હતો..

તેમણે કહ્યું હતું કે રાજ્યની મહિલાઓના અથાક પરિશ્રમ અને દ્રઢ સંકલ્પ શક્તિને કારણે આજે મહિલાઓ આત્મનિર્ભર અને સક્ષમ બની છે. તેમણે કહ્યું હતુંકે મહિલા આર્થિક સ્વાવલંબન તરફ ગુજરાત અગ્રેસર છે..

આ કાર્યક્રમમા ઉપસ્થિત મહિલાઓએ પણ મુખ્યમંત્રી સમક્ષ પોતાના અનુભવો વર્ણવ્યાં હતાં..

સખી સંવાદમાં સહભાગી થયેલી ૩૩ જિલ્લાઓની બહેનો દ્વારા ઉત્પાદિત ચીજ વસ્તુઓના સ્ટોલ્સ પણ આ "સખી સંવાદ" કાર્યક્રમ સ્થળે ઉભા કરાયા હતા..

**પ્રાદેશિક**

---

## રાજ્ય : વરસાદ :

રાજ્યના કુલ ૧૬૯ તાલુકામાં ગત ૨૪ કલાક દરમિયાન સાર્વત્રિક વરસાદ વરસ્યો છે. રાજ્યના સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ સવારે ૬ કલાકની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૦ ટકાથી વધુ નોંધાયો છે. જ્યારે , કચ્છ ઝોનમાં મોસમનો સૌથી વધુ ૮૪ ટકાથી વધુ અને ત્યારબાદ સૌરાષ્ટ્ર ઝોનમાં ૭૫ ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત દક્ષિણ ગુજરાતમાં ૬૯ ટકાથી વધુ , ઉત્તર ગુજરાત માં ૪૩ ટકા તેમજ પૂર્વ-મધ્ય ગુજરાતમાં ૪૨ ટકાથી વધુ મોસમનો કુલ સરેરાશ વરસાદ થયો છે.

દરમિયાન રાજ્યમાં આજે સવારથી વરસાદનું જોર ઘટ્યું છે.. આજે સવારના છથી બપોરના બે વાગ્યા સુધીમાં 47 તાલુકાઓમાં સામાન્ય વરસાદ નોંધાયો છે. જેમાં વલસાડના કપરાડા અને કચ્છના ગાંધીધામમાં 16-16 મિલીમીટર વરસાદ વરસ્યો છે..

**પ્રાદેશિક**

---

## જિલ્લા મેજીસ્ટ્રેટ – હથિયાર બંધી :

કચ્છ જિલ્લામાં યોજાનાર ધાર્મિક તહેવારો/મેળાઓ તથા ઉત્સવોની ઉજવણી અંતર્ગત જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે તેમજ કોઇ અનિચ્છનીય બનાવ બનવા ન પામે તેમજ સુલેહ શાંતિ જળવાઇ રહે તે માટે સાવચેતીના પગલાંરૂપે અધિક જિલ્લાન મેજિસ્ટ્રેેટમિતેશ પંડયાએ આગામી તા. ૧૫ મી ઓગસ્ટ સુધી સમગ્ર જિલ્લાીમાંહથિયારબંધીના આદેશ જાહેર કર્યા છે.

આ જાહેરનામા અન્વ.યે હથિયાર લઇ જવાની ફરજ હોય , પરવાનગી આપી હોય કે અધિકૃત કરી હોય તે સિવાયની કોઇ વ્યિક્ત જાહેરનામાનો કોઇપણ ખંડનો ભંગ કરનાર અથવા ઉલ્લંગઘન કરનારને ઓછામાં ઓછી ૪ માસની અને વધુમાં વધુ ૧ વર્ષની સજા થશે.

**માહિતી ખાતું**

---

## જિલ્લા કલેકટર : નારી વંદન ઉત્સવ માટ બેઠક :

મહિલાઓ સામાજિક , આર્થિક, માનસિક અને શારીરિક રીતે સશક્ત અને સંપન્ન બની સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા વિવિધ આયોજન હાથ ધરવામાં આવી રહ્યા છે. મહિલાઓ સર્વાંગી વિકાસના મહત્વના ક્ષેત્રોમાં સક્ષમ થાય તે હેતુથી મહિલા અને

બાળ વિકાસ વિભાગ રાજ્ય સરકાર દ્વારા આગામી તા.૧ થી ૮ ઓગસ્ટ દરમિયાન “નારી વંદન” સપ્તાહની ઉજવણી કરવામાં આવનાર છે.

આ કાર્યક્રમના સુચારુ આયોજન અર્થે જિલ્લા કલેકટર અમિતઅરોરાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા કલેકટરશ્રીએ “નારી વંદન ઉત્સવ”નાઆગામી આયોજન અંગે વિગતવાર સમીક્ષા કરીને સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. નારીવંદન સપ્તાહની ઉજવણીમાં જિલ્લાની વધુમાં વધુ મહિલાઓ અને કિશોરીઓ સહભાગી બને તે જોવા જણાવ્યું હતું.

**માહિતી ખાતું**

---

## પશ્ચિમ કચ્છ : ડીજીપી ડિસ્ક એવોર્ડ :

રાજ્યના પોલીસ વિભાગ દ્વારા દર વર્ષે સારી કામગીરી કરનાર પોલીસ અધિકારીઓ-કર્મચારીઓને ડીજીપી ડિસ્ક એવોર્ડથી સન્માનિત કરાય છે. આ વખતે 110 જેટલા અધિકારીઓ-કર્મચારીઓની પસંદગી કરવામાં આવી હતી . જેમાં ગાંધીનગર ખાતે રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના હસ્તે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યાં હતાં. તેમાં પશ્ચિમ કચ્છથી એકમાત્ર ભુજ એસઓજીના પીઆઈની પસંદગી કરવામાં આવી હતી. પશ્ચિમ કચ્છના એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર વિનોદકુમાર વિજાભાઈ ભોલાને આ સન્માન અપાયું હતું.

પીઆઇ ભોલા દ્વારા પશ્ચિમ કચ્છ જિલ્લામાં ડ્રગ્સની નાબૂદીમાં નોંધપાત્ર કામગીરી કરાઈ છે જિલ્લામાં નશા નાબૂદી માટે કરેલી નોંધપાત્ર કામગીરી બદલ તેમજ સરહદી જિલ્લામાં ડ્રગ્સની નાબૂદી માં મહત્વની કામગીરી બજાવીને માધાપર નજીક ફાયરિંગ કરીને જિલ્લામાં એમડીનો પ્રથમ કેસ નોંધાયો હતો અને 2.10 કરોડની કિંમતનું હેરોઈન જપ્ત કરવામાં આવ્યું હતું. જેની નોંધ લેવામાં આવી હતી.

**ન્યુઝ પેપર – નેહલ ઠકકર**

---

## જિલ્લા યુવા ઉત્સવ :

ભારત સરકાર અને રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ તથા કમિશનરશ્રી યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે આગામી

સમયમાં **યુવા ઉત્સવ** યોજાશે. જે માટે કચ્છ જિલ્લા યુવા ઉત્સવમાં તાલુકાકક્ષા તથા સીધી જિલ્લાકક્ષાની અલગ અલગ સ્પર્ધામાં ભાગ લેવા માટે ફોર્મ ભરી **જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, બહુમાળી ભવન, ભુજ** ખાતે કચેરી સમય દરમિયાન રૂબરૂ જન્મ તારીખના, નિવાસના આધાર પુરાવા સાથે આગામી **તા.૧૨ ઓગસ્ટ** સુધી ફોર્મ જમા કરાવવાનું રહેશે. વધુ માહિતી માટે કચેરીનો સંપર્ક કરી શકાશે તેમ જિલ્લા યુવા વિકાસ અધિકારી કચ્છ ભુજની યાદીમાં જણાવાયું છે.

**આરએનયુ અમદાવાદ**

---------------------------------------------------------------------------

---------------------------------------------------------------------------